આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૪૯ | ૧ માર્ચ, ૨૦૧૩, શુક્રવાર; મહા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

સંસારી દુઃખનો અંત શોધે છે જ્યારે સંત દુખનું કારણ શોધે છે
- મોરારિબાપુ

સ્વર્ણિમ પાર્ક ૫૬ કરોડના ખર્ચે રીવરફ્રન્ટ સુધી લંબાવાશે

વચાળે વાઈલ્ડરનેસ પાર્ક બનશે, સાબરમતી રીવરફ્રન્ટનું કામ પણ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨૮

સ્વર્ણિમ પાર્કની યોજનાને બીજા તબક્કામાં સચિવાલય પાછળથી રીવરફ્રન્ટ સુધી લંબાવવા આયોજન કરવામાં આવે છે. વચાળે વાઈલ્ડરનેસ પાર્ક સહિત આ પ્રોજેકટ અન્વયે રૂ. ૫૬ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કના મહત્વકાંક્ષી પ્રોજેકટનું કામ હાથ ધરાયું છે. પ્રથમ તબક્કાની કામગીરી દરમિયાન મહાત્મા મંદિરથી ઘ-૪ સુધીના વિસ્તારમાં રસ્તા, ફૂટપાથ ઉદ્યાન તેમજ લાઈટીંગ સહિતનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જયારે લેન્ડસ્કેપીંગની કામગીરીના અંતે ફુવારા તેમજ અન્ય વોટરબોડીનું આકર્ષણ ઉભું કરવામાં આવનાર છે. દીલ્હીના ઈન્ડિયા ગેટ તેમજ અમેરિકાના વ્હાઈટ હાઉસના રાજમાર્ગની પેટર્ન પર સ્વર્ણિમ પાર્કના પ્રોજેકટની કામગીરી હાથ ધરવામાં આવી છે. મહાત્મા મંદિરની સાથે સ્વર્ણિમ પાર્ક વિકસાવવાનું આયોજન હાથ ધરાયા બાદ પ્રથમ તબક્કામાં માર્ગ તૈયાર કરી દેવાયા બાદ ગાર્ડનીંગ ઉપરાંત અન્ય સુવિધાઓ ઉભી કરવા ડીઝાઈન તૈયાર કરવામાં આવી રહી છે. જયારે ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન રજૂ થયા બાદ ડિઝાઈન આખરી થશે. જયારે આ સઘળા આયોજનની સાથે સ્વર્ણિમ પાર્કને સચિવાલયની પાછળથી રીવરફ્રન્ટ સુધી લંબાવવા પણ આયોજન કરાયું છે. જેમાં વચાળે વાઈલ્ડરનેસ પાર્ક પણ બનાવાશે. રૂ. ૫૬ કરોડના ખર્ચનો અંદાજ છે. જયારે સાબરમતી રીવરફ્રન્ટના પ્રોજેકટનું પણ કામ હાથ ધરાશે.

પાંચ કરોડ યુવાઓને તાલીમ આપવાની દરખાસ્તને કોંગ્રેસનો આવકાર

અમદાવાદ, તા. ૨૮

આર્થિક નીતિ અને કલ્યાણ વચ્ચે સંતુલન સાધતુ અને સામાન્ય અને મધ્યમ વર્ગ પર એકપણ પ્રકારનો નવા વેરા વિનાના કેન્દ્રીય બજેટને આવકાર આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, વિશ્વ જ્યારે આર્થિક મંદીમાં સપડાઈ ગયું છે ત્યારે ભારત વિકાસની ફ્રૂચ ચાલી રાખી છે. નવા રોજગારને પ્રાથમિકતા સાથે સ્કીલ ડેવલોપમેન્ટ મિશન હેઠળ પાંચ કરોડ યુવાનોને તાલીમની જોગવાઈ ખરેખર આવકારદાયક હોવાની સાથોસાથ નૂતન ભારતના નિર્માણ માટે સીમાચિન્હરૂપ બનશે. સોનિયા ગાંધી, વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં નાણામંત્રી પી.ચિદમ્બરમે દેશના સર્વાંગી વિકાસ માટે આર્થિક પડકારો વચ્ચે સંતુલિત બજેટ આપ્યું છે. ગ્રામીણ વિસ્તારના વિકાસ માટે ગત બજેટ કરતા ૪૫ ટકા વધુ નાણાંની ફાળવણી કરીને ગ્રામીણ નાગરિકોને જીવનમાં ખુશહાલી સાથે સક્ષમ ભારતના નિર્માણ માટે નાણાંકીય જોગવાઈ આવકારદાયક છે. આર્થિક પડકારોને વૈશ્વિક મંદીની વચ્ચે પણ નાણાંકીય ખાદ્યમાં ઘટાડો તે યુપીએ સરકારની સિદ્ધિ છે.

કૃષિ, બેંકિંગ, ગ્રામીણ ક્ષેત્રે, શિક્ષણ, આરોગ્ય સાથે ખાદ્ય સુરક્ષા માટે મોટાપાયે ફાળવાયેલા નાણાંને આવકારતા મોઢવાડીયાએ વધુમાં જણાવ્યું હતું કે, ખેડૂતોને ઓછા વ્યાજથી કે જે મળી રહે તે માટે વ્યાજ ઉપરની સબસીડી ચાલુ રાખીને નિયમિત કરજ ભરી દેનાર ખેડૂતોને વધારે રાહતો આપી છે. દલિત, આદિવાસી અને લઘુમતિના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ જાહેર કરવામાં આવી છે. બાળકોના કલ્યાણ માટે ૭૭૦૦૦ કરોડથી વધુ નાણાંની ફાળવણી કરવામાં આવી છે.

ટ્રાફીક સિગ્નલ - ગાંધીનગર રાજાની કુંવરીની જેમ દિવસે ન વધે તેટલું રાત્રે વધે છે અને રાત્રે ન વધે એટલું દિવસે વધે છે.... હવે તો ગાંધીનગરના માર્ગો પર ટ્રાફીક સિગ્નલ પણ જરૂરી બન્યા છે. ત્રણ દાયકા, બે દાયકા અને દાયકા પહેલા કેવું નાનું નાનું નગર હતું અને હવે મહાનગર બની ગયું... આંગળીના વેઢે ગણી શકાય એટલી ગાડીઓવાળું આ ગામ, ગાડીઓથી છલકાતું મહાનગર બની ગયું છે... એટલું જ નહિ ચ-માર્ગ અને જ-માર્ગ ચોવીસે કલાક ટ્રાફીકથી ધમધમવા લાગ્યા છે. અને ઓફીસ સમયે કે શાળા સમયે ઓવર ટ્રાફીક અનુભવાય છે. તંત્રએ સમયસર ટ્રાફીક સિગ્નલ લગાવી વાહન ચાલકો માટે અને નગરના જનસમાજ માટે સમસયરનું અને યોગ્ય પગલું ભર્યું છે.... (તસવીર : દિપક જાની)

કેન્દ્રીય બજેટ અર્થતંત્રને સુધારવામાં નિષ્ફળ રહ્યું : ભાજપ

પુરૂષોત્તમ રૂપાલા અને આર.સી.ફળદુએ અંદાજપત્ર પર પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરી

અમદાવાદ,તા.૨૮

ભારતીય રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરશોત્તમભાઈ રૂપાલા અને પ્રદશે અધ્યક્ષ આર.સી. ફળદુએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે કેન્દ્રના નાણાંપ્રધાન પી. ચિદમ્બરમે આજે રજુ કરેલું કેન્દ્રીય બજેટ ખાડે ગયેલા અર્થતંત્રને સુધારવામાં સંપૂર્ણ નિષ્ફળ નિવડયું છે. આમ આદમીના નામે સત્તામાં આવેલી યુપીએ સરકારના આ બજેટમાં આમ આદમી કે ગરીબનું કોઈ નામોનિશાન નથી. આસમાને ગયેલી મોંઘવારી ડામવા છેલ્લા પાંચ વર્ષોની જેમ આ બજેટમાં પણ કોઈ પગલું નથી. મોંઘવારીમાં ઈન્કમટેક્ષમાં રાહતની આશા રાખતા મધ્યમવર્ગ અને નોકરીયાતને સંપૂર્ણ નિરાશા મળી છે. દેશના વિકાસ માટે પ્લાનમાં માત્ર ૩૩ ટકાનો ખર્ચ થશે, જ્યારે ૬૭ ટકા બિન વિકાસકીય કામોમાં વપરાશે. બજેટમાં બહેનોની બેંક શરૂ કરવા માટેનું કોસ્મેટીક પગલુ છે જેનો કોઈ મોટો લાભ બહેનોને મળવાનો નથી. જ્યારે બીજી બાજુ ખેડૂતો અને ખેતીને રાહત આપવામાં કોઈ પગલા લેવાયા નથી. ફૂડ સિક્યુરીટી યોજનાની શરૂઆત કરીને રૂપિયા ૧૦ હજાર કરોડની ફાળવણી એ ૧૨૦ કરોડની જનતા માટે માત્ર મહિને ૮ રૂપિયાની જોગવાઈ છે જે હાસ્યાસ્પદ છે. બજેટમાં હાઉસીંગ ક્ષેત્રે જે પગલા લેવાયા છે. તેમાં એક હાથે વ્યાજ કર રાહતની સામે બીજી બાજુ ૫૦ લાખ ઉપરના મકાન ખરીદ-વેચાણ પર ૧ ટકાનો ટીડીએસ લાદવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં કર્મચારીઓ આવકવેરાની મુક્તિ મર્યાદા નહિ વધતા નારાજ

આવકવેરાની મુક્તિ મર્યાદા ત્રણ લાખ સુધી થવાની નોકરીયાત વર્ગની આશા પર પાણી ફરી વળ્યુ

ગાંધીનગર, તા. ૨૮

આજે રજુ થયેલા કેન્દ્રિય બજેટે નોકરીયાત મધ્યમ વર્ગીય નાગરિકોની આશા પર પાણી ફેરવી દીધુ છે. સરકારી નોકરી કરતો નોકરીયાત વર્ગ વસે છે. છઠ્ઠા પગાર પંચ પછી નોકરીયાત વર્ગની આવક વધી છે. જો કે સામે મોંઘવારી પણ વધી છે. પેટ્રોલ, ડીઝલના ભાવો વધતા ખર્ચમાં ખુબ વધારો થયો છે. ખર્ચા વધ્યા છે પરંતુ તેની સામે આવકવેરાની મુક્તિમર્યાદા વધારવામાં ન આવતા નોકરીયાત વર્ગ આવકવેરાની જાળમાં ગુંચવાતો જાય છે. આવકવેરાનું મેનેજમેન્ટ કરવામાં કર્મચારીઓ વધુને વધુ મુંઝવાય છે. હાલમાં આવકવેરાની મુક્તિ મર્યાદા ૨ લાખ રૂપિયા છે. છઠ્ઠુ પગાર પંચ બાદ હવે તો પટાવાળાને પણ બે લાખથી વધુની આવક છે. સરકારી કચેરીઓમાં કાર્યરત ઘણા વર્ગ-૪ના કર્મચારીઓ આવકવેરાના દાયરામાં આવી ગયા છે.

બજેટ રજુ થાય તે પહેલાં છેલ્લા ઘણા સમયથી એવી વાતો ચાલતી હતી કે આગામી વર્ષે ચૂંટણી હોઈ આવકવેરાની મુક્તિમર્યાદામાં વધારો કરી નાણાંમંત્રી અને સરકાર દેશના બહુમત મધ્યમ વર્ગનું દિલ જીતી લેશે. આવકવેરાની મુક્તિમર્યાદા ત્રણ લાખ સુધી કરવામાં આવશે તેવી અફવાઓનો દોર પણ ચાલ્યો હતો. આ જ આશાએ આજે બજેટ રજુ કરવાનું નાણામંત્રીએ શરૂ કર્યુ તે સાથે જ ગાંધીનગરના સરકારી કર્મચારીઓ ટીવી સામે ગોઠવાઈ ગયા હતા. મોટા ભાગના સરકારી કચેરીઓમાં બજેટની સ્પીચ લાઈવ સાંભળવામાં કર્મચારીઓ મશગુલ બન્યા હતા. જો કે નાણાંમંત્રીએ આવકવેરાની મુક્તિ મર્યાદામાં નજીવો ફેરફાર કરતા કર્મચારીઓની આશા પર પાણી ફરી વળ્યુ હતુ. આવકવેરાની મુક્તિ મર્યાદામાં માત્ર ૨૦ હજાર જેટલો વધારો કરી બે લાખ વીસ હજાર કરાયો છે. વળી મહિલા કર્મચારીઓ અને પેન્શનરો માટે કોઈ ખાસ રાહત જાહેર ન કરાતા પણ નિરાશા વ્યાપી હતી. ગાંધીનગરમાં પેન્શનરોનો વર્ગ પણ ખુબ મોટો છે. તેમના માટે કોઈ ખાસ જાહેરાત આ વર્ષે બજેટમાં કરાઈ નથી. જો કે ૫ લાખથી ઓછી આવક ધરાવતા હોય તેવા વ્યક્તિગત કરદાતાઓને આવકવેરામાં બે હજાર સુધીની રાહત મળશે.

આજે આખો દિવસ બજેટ અને આવકવેરાની મુક્તિમર્યાદા અંગેની ચર્ચાઓ ગાંધીનગરમાં થતી હતી. કર્મચારીઓ લંચના બ્રેકમાં એકત્ર થઈ આ અંગે જ ચર્ચાઓ કરતા હતા.